જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૨/૦૮/૨૦૨૩  બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૬૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૭૨ લીટર દેશી દારૂ, ૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૧ રિક્ષા, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૧૩,૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૬૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૨૬૪/૨૦૨૩

**મણીનગરઃ** દિગ્વિજયસિંહ ગજેંદ્રસિંજ ઝાલા (રહે. આમ્રપાલી રો-હાઉસ તેજસ સ્કુલ સામે બોપલ) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૭/૨૦૨૩ રાતના ૨/૦૦ થી સવારના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર રામબાગ બર્ગર ફાર્મ રેસ્ટોરન્ટમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ટેબલેટ કિમત રૂપિયા ૧૬,૫૦૦/-, મોબાઈલ ફોન ૭,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૬૪,૨૩૦/- મળી કુલ રૂપિયા ૧,૮૭,૭૩૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.આઇ.સૈયદ ચલાવે છે.

### ચોરીઃ- સમાચાર યાદી નં.૧૨૬૫/૨૦૨૩

**બોડકદેવઃ** ચન્દ્રકાંતભાઇ સ/ઓ હિરાલાલ ખેતાણી (ઉ.વ.૭૪) (રહે. સ્વાગત ગ્રીનવીલા-૧ અર્થ એસેન્સ બિલ્ડીંગની બાજુમાં હેબતપુર રોડ થલતેજ) એ તા.૦૧/૦૮/૨૦૨૩ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૭/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ઘરકામ કરવા આવતા આરતીબહેન તેમજ તેમની સાથે આવતા એક પુરૂષે ભેગા મળી પાકીટમાંથી રોકડ રૂપિયા ૩૦૦૦/- અને લોખંડના કબાટનુ ચાવી વડે લોક ખોલી કબાટમાથી સોનાના દાગીના કિમત રૂપિયા ૪,૮૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી એન.સી.ગોહીલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યું-** **સમાચાર યાદી નં.૧૨૬૬/૨૦૨૩**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** કાંતાબહેન બિજલભાઇ દાતણીયા (ઉ.વ.૮૫) (રહે. છીપાની ચાલીના છાપરાં મજુરગામ ગીતામંદિર) તા.૦૧/૦૮/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે છીપાની ચાલી ત્રિમુર્તિ મંદિર સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે બળદેવનગર તરફ થી એક ફોર વ્હિલ ગાડીના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કાંતાબહેન દાતણીયાને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર કાંતાબહેન દાતણીયાના પુત્ર કનૈયાલાલ દાતણીયાએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈન્ચાર્જ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૭/૨૦૨૩**

**પાલડીઃ** પાલડી હોટલ પ્રીન્સ પ્લાઝા પાશ્વ ઓરીયન કોમ્પલેક્ષ ટ્રીમ્બો ખાતે રૂમ નંબર-૬૧૦ ખાતે રોકાયેલ વર્ષાદેવી સુધીરકુમાર ફોગટ (ઉ.વ.૩૪) (રહે. ઘર નંબર-એમસીએફ-૧૪૩ પર્વતીયા કોલોની પાર્ટ-૨ ફરીયાદાબાદ સેકટર-૨૨ ફરીયાદાબાદ હરીયાણા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે હોટલના રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.શુક્લ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** ગાયત્રીબહેન વા/ઓ ધર્મેન્દ્રભાઇ કઠેરીયા (ઉ.વ.૫૭) (રહે. પરીષ્કાર-૧ ખોખરા સર્કલ પાસે અમરાઇવાડી) એ બીમારીથી કંટાળી તા.૦૧/૦૮/૨૦૨૩ સાંજના ૫/૧૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે દસમા માળની બારીમાથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ખુમાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી